મજબૂરીની સ્થિતિ આવતાં પહેલાં જ પરિવર્તન કરી લેવું

- ચીની કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧૦ | ૧૧ ઓક્ટોબર, ૨૦૧૪, શનિવાર ; આસો વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## જિલ્લામાં ૫.૮૭ કરોડના માર્ગોના કામોને મંજૂરી

### સુવિધાપથ અને ગ્રામ્ય માર્ગ મજબુતીકરણના કામો મંજૂર થયેલ રકમથી વધુ રકમનો ખર્ચ નહિ કરી શકાય

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ૧૧ જેટલા ગ્રામ્ય વિસ્તારના રૂ. ૫.૮૦ કરોડના કામોને રાજ્યના મહેસુલ વિભાગે બહાલી આપી છે.

માર્ગ-મકાન વિભાગે જે કામોને બહાલી આપી છે તેમાં ગાંધીનગર તાલુકાના ૬ ગ્રામીણ માર્ગો, દહેગામના બે, કલોલના ૧ તેમજ માણસાના બે માર્ગનો સમાવેશ થાય છે.

આ ગ્રામીણ માર્ગો ગામની અંદરથી પસાર થાય છે તેમજ તે સમારકામ માગતા હોવાની રજુઆતને ધ્યાને લઈ મંજૂર કરવામાં આવ્યા છે. જેમા ઝીંડવા-નારણાવટની મુવાડી રોડ, ધણીયોલ-કંથારપુરા માર્ગ, ટીંટોડા-કલોલ જોઈનીંગ રોડ, વીરાતલાવડી ગોળવંટા રોડ, ધણપ-હાલીસા રોડ, ગીયોડ એપ્રોચ રોડ, ગ્રામભારતી અમરાપુર, કાંઠા નારોલ રોડનો સમાવેશ થાય છે.

ત્રણ માર્ગો સુવિધા પથ યોજના અંતર્ગત મંજૂર કરાયા છે. જેમાં પોર-અંબાપુર માર્ગ સાદરા સેનીટોરીયમ રોડ અને ચરાડા સેમી સરક્યુલર રોડના કામનો સમાવેશ થાય છે.

સરકારે આ કામને બદલે અન્ય કોઈ કામ હાથ નહિ ધરવા તેમજ ખર્ચની મર્યાદામાં જ કામ કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ પંચાયતના માર્ગ-મકાન વિભાગને આપી છે.

રાજ્ય સરકારે મંજૂર કરેલ આ માર્ગોના કામને આજે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી સદેસિંહ ઝાલા, શ્રીમતિ ઉષાબેન પટેલ, શ્રીમતિ મંગીબેન પટેલ, શ્રીમતિ ભીખીબેન ઠાકોર સહિતના સભ્યોએ આવકારી છે. તેમણે આ માટે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અને મંત્રીશ્રી નીતિન પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી જણાવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધાઓના મજબુતીકરણની સાથે સાથે ગ્રામીણ વિકાસને પણ નવી દિશા મળશે.

## આજથી ધો. ૧૧-૧૨ની સેમેસ્ટર પરીક્ષા

### જિલ્લામાં ૧૧૬૩૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ૨૦૬ પરીક્ષા સ્થળો પર સી.સી. ટી.વી. કેમેરા ૮૦ થી વધુ વર્ગખંડોમાં ટેબલેટની વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થનારી ધો. ૧૧ અને ૧૨ની સેમેસ્ટર પરીક્ષામાં જિલ્લામાંથી ૧૧૬૩૫ વિદ્યાર્થીઓ બેસશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે ૨૦૬ પરીક્ષા સ્થળો પર સી.સી. ટી.વી. કેમેરાની મદદથી મોનિટરીંગ કરવામાં આવશે.

ધો. ૧૧ ના પ્રથમ સેમેસ્ટર અને ધો. ૧૨ તૃતીય સેમેસ્ટરની આજથી પરીક્ષા શરૂ થશે. જિલ્લાના ૨૮ જેટલા પરીક્ષા બિલ્ડીંગોમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરીક્ષાખંડોમાં સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામાં આવશે. ધો. ૧૧ પ્રથમ સેમેસ્ટરમાં ૬૦૩૫ તેમજ ધો. ૧૨ તૃતીય સેમેસ્ટરમાં ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ જિલ્લામાંથી પરીક્ષા આપશે. આ માટે ૩૦૦ જેટલા વર્ગખંડોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જ્યારે આ પૈકી ૨૦૬ પરીક્ષા સ્થળો પર સી.સી. ટી.વી.ની મદદથી મોનીટરીંગ કરવામાં આવશે. જ્યારે જિલ્લાની ૮ શાળાઓના ૮૦ થી વધુ વર્ગખંડોમાં ટેબલેટ પણ ગોઠવવામાં આવ્યા છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે બોર્ડના નિયમ મુજબ સી.સી. ટી.વી. કેમેરાવાળી સ્કૂલોને જ પસંદ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાના અંતે વિષયવાર સી.ડી. તૈયાર કરવામાં આવશે. જ્યારે બોર્ડ દ્વારા આ સી.ડી.ની ચકાસણી કરવામાં આવશે. ગેરરીતિના કિસ્સા બદલ કાર્યવાહી હાથ ધરાશે.


Latest Design-Wedding Collections
ચાવડા ફૂટવેર
(નહેરુનગર, અમદાવાદ)
ડાયાબિટિસ (extra care) માટેની ચંપલ અને સેન્ડલ
chavda® FOOT WEAR
નહેરુનગર
સ્નેહકુંજ બસ સ્ટેન્ડ સામે, હનુમાનજી મંદિર પાસે, નહેરુનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ - ૧૫. Phone : 2630 2322







સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર**

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્ષ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



**ખાદી ગ્રામોદ્યોગ ભવન**
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩



**ખાદી ગ્રામોદ્યોગ ભવન**
સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ

**ગૃહ વસ્તુ ભંડાર**
સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૨૨૭૬૧

સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

નોંધ : ત્રણે કેન્દ્રો તા.૧/૧૦/૨૦૧૪ થી ૨૩/૧૦/૨૦૧૪ સુધી વેચાણ ચાલુ રહેશે.